### અશ્વદળ, બાઇકર્સ, પોલીસ-શાળા બેન્ડ અને રાસ-ગરબાની પ્રસ્તુતિઓ બન્યાં આકર્ષણનું કેન્દ્ર

# તિરંગા યાત્રામાં છવાયો દેશભક્તિનો અદમ્ય જુસ્સો





તસવીર : ધવલ વાજા

## કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, મેયર ઉષાબેન તલરેજા, ધારાસભ્ય સેજલબેન પંડ્યા, ચેરમેન કિશન મહેતા, કમિશનર મીણા સહિતના મહાનુભાવોએ એ.વી.સ્કૂલ મેદાનથી તિરંગા યાત્રાનો પ્રારંભ કરાવ્યો, પદાધિકારીઓ, અધિકારીઓને, વિદ્યાર્થીઓ અને મોટી સંખ્યામાં નગરજનો ઉત્સાહભેર જોડાયા

ભાવનગર,તા.૧૩

રાષ્ટ્રધ્વજ તિરંગા પ્રત્યે ગૌરવ, સન્માન અને રાષ્ટ્રભક્તિની ભાવનાને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ સાથે સમગ્ર દેશમાં ઉજવાઈ રહેલા 'હર ઘર તિરંગા' અભિયાન અંતર્ગત ભાવનગર જિલ્લામાં ભવ્ય દેશભક્તિસભર આયોજનો થઈ રહ્યા છે, જેના ભાગરૂપે શહેરમાં જિલ્લા કક્ષાની તિરંગા યાત્રા યોજાઈ હતી. કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી, મેયર ઉષાબેન તલરેજા, ધારાસભ્ય સેજલબેન પંડ્યા સહિતના મહાનુભાવોએ એ.વી. સ્કૂલ મેદાનથી આ યાત્રાને પ્રસ્થાન કરાવી ઉત્સાહ વધાર્યો હતો. પદાધિકારીઓ, અધિકારીઓ, વિદ્યાર્થીઓ, એન.સી.સી. કેડેટ્સ અને મોટી સંખ્યામાં નગરજનો જોડાતા સમગ્ર વાતાવરણ દેશભક્તિમય બની ગયું હતું.

આ યાત્રા એ.વી. સ્કૂલ મેદાનથી શરૂ થઈ ગરાસિયા બોર્ડિંગ, ભીડભંજન, ઘોઘા ગેટ, એમ.જી. રોડ, વોરા બજારનું નાકું, બાર્ટન લાઈબ્રેરી, હલુરિયા, શહીદ સ્મારક અને કાવેરી કોમ્પ્લેક્સ ચોક થઈ પુનઃ પ્રારંભિક સ્થળે પૂર્ણ થઈ હતી. રૂટ પર યુવાનો અને વિદ્યાર્થીઓએ પરંપરાગત વેશભૂષામાં સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી યાત્રાનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. અશ્વદળ, બાઈકર્સ, પોલીસ બેન્ડ અને રાસ-ગરબાના આકર્ષણ સાથે 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ્'ના નારાથી માર્ગો ગુંજી ઉઠ્યા હતા. પ્રારંભે 'ધ વેવ્સ એન્ટરટેઈનમેન્ટ'ના ડૉ. નિરવ પંડ્યા અને જ્વલંત ભટ્ટના સંગીત સંચાલનમાં દેશભક્તિના ગીતો પીરસાયા હતા. આ પ્રસંગે ડેપ્યુટી મેયર અશોકભાઈ બારૈયા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન કિશનભાઈ મહેતા, રેન્જ આઈ.જી. આર.બી. અસારી, કમિશનર ડૉ. નરેન્દ્રકુમાર મીના, કલેક્ટર ડૉ. મનીષ કુમાર બંસલ, ડીડીઓ હનુલ ચૌધરી, એસપી નિતેશ પાંડેય સહિત અનેક અધિકારીઓ, પદાધિકારીઓ, માજી સૈનિકો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## શિશુવિહાર પ્રાંગણમાં કાલે ધ્વજવંદન સાથે વિવિધ કાર્યક્રમ

ભાવનગર,તા.૧૪

જાણીતા શિક્ષણવિદ ડો.નલિનભાઈ પંડિતની અધ્યક્ષતામાં શિશુવિહાર પ્રાંગણમાં ૮૦ માં સ્વાતંત્ર્ય પર્વ પ્રસંગે સવારે ૮:૩૦ કલાકે ધ્વજવંદન થશે. આ ઉપક્રમે ખાસ અમેરિકાથી ઉપસ્થિત આરતીબેન મહર્ષિભાઈ મહેતાની ઉપસ્થિતિમાં જરૂરિયાત ધરાવતા શ્રમિકોને સાધન સહાય સાથે શિશુવિહારના સનિષ્ઠ કાર્યકર ડૉ. વિણાબેન ગોહિલ, યોગાચાર્ય ભાવનાબેન ઓઝા,મંગળસિંહ પરમાર તેમજ ગીતાબેન લાઠીયાનું વિશેષ અભિવાદન થશે.

વર્ષ ૧૯૩૯ માં ભાવનગર રાજ્યમાં અર્પણની જાહેરાત થયેલ તેવા સરદાર સ્મારકના પુનઃ નિર્માણનું લોકાર્પણ આ ઉપક્રમે અશ્વિનભાઈ શાહ દ્વારા થશે. શહેરના નાગરિકો આ ઉપક્રમે ઉપસ્થિત રહેવા નિમંત્રણ અપાયું છે.

### નિવૃત્ત આર્મીમેન અગાઉ પાસા અને પ્રોહિબિશનના ગુનામાં પકડાઈ પણ ચુક્યો હોવાનું ખુલ્યું

# સનેસ ચોકડી પાસેથી વિદેશી દારૂની ૪૫ બોટલો સાથે નિવૃત્ત આર્મીમેન ઝડપાયો

ભાવનગર,તા.૧૪

વેળાવદર (સનેસ) પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.સી.રામાનુજના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો. તે દરમિયાન મળેલી ચોક્કસ ખાનગી બાતમીના આધારે અમદાવાદ-ભાવનગર નેશનલ હાઈવે નં-૭૫૧ પર આવેલી સનેસ ચોકડી નજીક દરોડો પાડીને દારૂની હેરાફેરી કરતા એક શખ્સને ત્વરિત કાયદેસરની અટકાયતમાં લેવામાં આવ્યો છે. પોલીસે સનેસ ચોકડી પાસે દરોડો પાડીને દિલીપભાઈ ભીખાભાઈ ત્રિવેદી (ઉં.વ. ૪૪, ધંધો- નિવૃત્ત આર્મીમેન, રહે. મોટી વાવડી, તા. ગારીયાધાર, જી. ભાવનગર) નામના ઈસમને



ઝડપી લીધો હતો. પોલીસ દ્વારા તેની તલાશી લેતાં તેની પાસેથી ડિફેન્સની અલગ અલગ બ્રાન્ડની સીલપેક નાની-મોટી ઈંગ્લિશ દારૂની ૪૫ બોટલો (કિંમત રૂ. ૧૩,૬૦૩/-), રૂ. ૧૦,૦૦૦ની કિંમતનો સેમસંગ કંપનીનો એક મોબાઈલ ફોન તથા રૂ. ૨૦૦ની કિંમતના ૨ થેલા મળી કુલ રૂ. ૨૩,૮૦૩/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ મામલે પોલીસે પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની તપાસ હાથ ધરી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલાસો થયો છે કે ઝડપાયેલો આ નિવૃત્ત આર્મીમેન અવારનવાર દારૂની હેરાફેરી કરવાની ટેવ ધરાવે છે. આ પૂર્વે પણ તેની સામે દાહોદ બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનનો ગુનો નોંધાયો હતો, શિહોર પોલીસ સ્ટેશનમાં ૨૬૩ દારૂની બોટલો અને કાર સહિત રૂ. ૧૪.૭૬ લાખના મુદ્દામાલ સાથે પકડાયો હતો, તેમજ ગારીયાધાર પોલીસ સ્ટેશનમાં ૧૩૨ દારૂની બોટલો અને કાર સાથે રૂ. ૮.૪૮ લાખના મુદ્દામાલ સાથે ઝડપાયો હતો. આ ઉપરાંત, તેની અસામાજિક પ્રવૃત્તિઓને લીધે અગાઉ પાસા (PASA) હેઠળ પણ કાર્યવાહી કરવામાં આવી હતી તથા ભરતનગર પોલીસ સ્ટેશનમાં પણ તેની સામે NC કેસ નોંધાયેલો છે.

# પેરા ટેબલ ટેનિસ દંપતી અલ્પેશ અને સંગીતા સુતરીયાની બેવડી ઐતિહાસિક સિદ્ધિ

### રાજ્યકક્ષાના પ્રતિષ્ઠિત એવોર્ડથી સન્માનિત થયા બાદ નેશનલ રેન્કિંગ ચેમ્પિયનશિપમાં પણ ઝળક્યા

ભાવનગર,તા.૧૪

ભાવનગરના આંતરરાષ્ટ્રીય પેરા ટેબલ ટેનિસ ખેલાડી દંપતી અલ્પેશ સુતરીયા અને સંગીતા સુતરીયાએ દિવ્યાંગતાને માત આપીને એક જ સમયગાળામાં બેવડી સિદ્ધિ હાંસલ કરી સમગ્ર ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. ૧૨ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા યોજાયેલા સમારોહમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે અલ્પેશ સુતરીયાને 'એકલવ્ય સિનિયર એવોર્ડ' અને સંગીતા સુતરીયાને 'સરદાર પટેલ સિનિયર એવોર્ડ' એનાયત કરવામાં આવ્યા હતા. રાજ્ય સરકારના આ



સન્માન બાદ તરત જ ૧૨ અને ૧૩ ઓગસ્ટ દરમિયાન ઈન્દોર ખાતે યોજાયેલી 'ફર્સ્ટ પેરા ટેબલ ટેનિસ નેશનલ રેન્કિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૬-૨૭'માં પણ બંને ખેલાડીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. જેમાં ૮૦% દિવ્યાંગતા ધરાવતા અલ્પેશ સુતરીયાએ ક્લાસ-૧ કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીત્યો હતો, જ્યારે ૭૬% દિવ્યાંગતા ધરાવતા સંગીતા સુતરીયાએ ક્લાસ-૪ કેટેગરીમાં ટોપ-૬માં સ્થાન મેળવ્યું હતું.

શારીરિક અસમર્થતા અને વ્હીલચેર જેવા પડકારો વચ્ચે પણ સતત મહેનત, શિસ્ત અને અડગ મનોબળથી આ દંપતીએ સાબિત કર્યું છે કે સંકલ્પ શક્તિ આગળ કોઈ પણ અવરોધ ટકી શકતો નથી. તેમની આ બેવડી સફળતાએ ભાવનગર સહિત સમગ્ર રાજ્યના રમતગમત ક્ષેત્રે દિવ્યાંગ ખેલાડીઓ માટે પ્રેરણાનો નવો સ્ત્રોત પૂરો પાડ્યો છે.

# મહુવાના ખીમનાથ મહાદેવ મંદિરમાં શ્રાવણ માસે ઉજ્જૈનના મહાકાલ સ્વરૂપના દર્શન થશે



પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થતાં જ મહુવા અને આસપાસના વિસ્તારમાં શિવમય માહોલ છવાઈ ગયો છે. મહુવાના પૌરાણિક ખીમનાથ મહાદેવ મંદિરમાં આ સમગ્ર શ્રાવણ માસ દરમિયાન ભક્તો માટે વિશેષ આકર્ષણ ઊભું કરવામાં આવ્યું છે, જ્યાં ઉજ્જૈનના મહાકાલ મંદિરની તર્જ પર શિવજીના વિવિધ સ્વરૂપોનો શણગાર કરવામાં આવશે. ખાસ કારીગરો દ્વારા ૩૦ દિવસ સુધી આ આકર્ષક શણગાર સજાવવામાં આવશે. શ્રાવણના પ્રથમ દિવસથી જ મંદિરોમાં 'હર હર મહાદેવ'ના જયઘોષ સાથે ભક્તોએ જળાભિષેક અને પૂજા-અર્ચના કરી ધન્યતા અનુભવી હતી.

# ભાવનગર રેલ મંડળમાં 'હર ઘર તિરંગા અભિયાન' અંતર્ગત યોજાઈ બાઈક રેલી

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળમાં દેશભક્તિની ભાવના પ્રોત્સાહિત કરવા "હર ઘર તિરંગા અભિયાન-૨૦૨૬" હેઠળ વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે ૧૩ ઓગસ્ટના રોજ મંડળ કાર્યાલય ખાતે તિરંગા બાઈક રેલીનું આયોજન કરાયું હતું.મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માએ હરી ઝંડી બતાવી રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે અપર મંડળ રેલ પ્રબંધક ઋત્વિક શર્મા સહિત અધિકારીઓ, આરપીએફ જવાનો અને સ્કાઉટ-ગાઈડના સભ્યો જોડાયા હતા. રેલી બાળ ઉદ્યાનથી શરૂ થઈ નીલમબાગ, જવેલ અને આરટીઓ સર્કલ થઈ કમ્યુનિટી હોલ ખાતે સંપન્ન થઈ હતી.



# સર્વોત્તમ ડેરી દ્વારા ૧૫ ટકા ડીવીડન્ડની જાહેરાત, પશુપાલકોમાં ખુશીની લહેર

ભાવનગર,તા.૧૪

સર્વોત્તમ ડેરીના સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર એચ.આર.જોષીની યાદીમાં જણાવ્યા મુજબ ભાવનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. (સર્વોત્તમ ડેરી)ની ૨૫મી વાર્ષિક સાધારણ સભા તા. ૧૩/૦૮/૨૦૨૬ના રોજ સર્વોત્તમ ડેરી ખાતે સંઘના સ્થાપક ચેરમેન મહેન્દ્રભાઈ પનોતના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. આ સભામાં સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર એચ.આર.જોષી, ડિરેક્ટરો તથા દૂધ મંડળીના પ્રતિનિધિઓ વિશાળ સંખ્યામાં હાજર રહ્યા હતા, જેમાં એજન્ડા મુજબની તમામ કાર્યવાહી સર્વાનુમતે પસાર કરવામાં આવી હતી.

કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન સંઘના ડિરેક્ટર મૂળરાજસિંહ પરમારે કર્યું હતું. ત્યારબાદ સ્થાપક અને મેનેજિંગ ડિરેક્ટર એચ.આર.જોષીએ એજન્ડા મુજબની કામગીરી ચલાવી હતી અને ઓછાં પશુઓએ વધારે દૂધ ઉત્પાદન મેળવવા તેમજ ખેડૂતો આર્થિક રીતે સક્ષમ બને તે માટે 'સર્વોત્તમ દાણ'નો વધુમાં વધુ વપરાશ કરવા પર ભાર મૂક્યો હતો.

સંઘના સ્થાપક ચેરમેન મહેન્દ્રભાઈ પનોતે સંઘના દૂધ ઉત્પાદકોનું જીવનસ્તર ઊંચું લાવવા માટે ચાલતી પ્રવૃત્તિઓ વિશે ઝાંખી કરાવી હતી અને જે મંડળીઓ આ પ્રવૃત્તિમાં ઓછો રસ લેતી હોય તેમને વધારે રસ દાખવી દૂધ ઉત્પાદકોને વધુ લાભ થાય તેવા પ્રયત્નો કરવા હાંકલ કરી હતી. આગામી સમયના વિકાસ આયોજન અંગે વિગતો આપતાં તેમણે જણાવ્યું હતું કે, સર્વોત્તમ ડેરી દ્વારા બાયોગેસ પ્લાન્ટ નાખવામાં આવી રહ્યો છે, જેનાથી પશુપાલકોને પશુઓના છાણ (ગોબર)માંથી પણ વધારાની આવક થશે. હાલ આ

આભાર - નિહારીકા રવિયા વર્ષે સંવર્ધન વર્ષ ચાલી રહ્યું હોય, પશુપાલકને ત્યાં સેક્સ સીમેન ડોઝથી માદા પશુ (વાછરડી કે પાડી)નો જન્મ થાય તો પશુપાલક પાસેથી લેવાયેલા ?૩૦૦ પણ પરત (ફ્રી ઓફ કોસ્ટ) કરી દેવામાં આવે છે. આ ઉપરાંત, આગામી સમયમાં ૧૦ લાખ લીટર દૂધ ઉત્પાદન વધશે તે બાબતની વિસ્તૃત માહિતી તેમણે પોતાની રસાળ શૈલીમાં આપી હતી તથા ટૂંક સમયમાં જ નવો આઈસ્ક્રીમ પ્લાન્ટ સ્થાપવાની પણ જાહેરાત કરી હતી.

વધુમાં, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના 'સહકારથી સમૃદ્ધિ'ના વિઝનને સાકાર કરવા માટે ભારતના કેન્દ્રીય ગૃહ અને પ્રથમ સહકારિતા મંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં સહકારી ક્ષેત્રમાં ૧૫૦થી વધારે ઐતિહાસિક સુધારાઓ અને મોટા ઉદ્ઘાટનો કરવામાં આવ્યા છે. નવી રાષ્ટ્રીય સહકારી નીતિ-૨૦૨૫ લોન્ચ કરવામાં આવી છે તે વિશે માહિતગાર કરી સ્થાપક ચેરમેન મહેન્દ્રભાઈ પનોતે નવી સહકારી સંસ્થાઓની સ્થાપના વિશે વિસ્તૃત માહિતી આપી હતી.

આ સાધારણ સભામાં દર વર્ષની માફક આ વર્ષે પણ ૧૫ ટકા ડીવીડન્ડ ચૂકવવાનું જાહેર કરવામાં આવ્યું હતું, જેનાથી ઉપસ્થિત રહેલ મંડળીના પ્રતિનિધિઓમાં હર્ષની લાગણી પ્રસરી ગઈ હતી. સમગ્ર સભાનું સફળ સંચાલન ચીફ જનરલ મેનેજર વાય.એચ.જોષીએ કર્યું હતું, જ્યારે અંતમાં આભારવિધિ સંઘના ડિરેક્ટર માવજીભાઈ ભાલીયા દ્વારા કરવામાં આવી હતી.

### બાયોગેસ પ્લાન્ટ, આઈસ્ક્રીમ પ્લાન્ટ અને ૧૦ લાખ લીટર દૂધ ઉત્પાદન વધારવાના આયોજન સાથે પશુપાલકોની આવક વધારવા મહત્વના નિર્ણયો

સૌરાષ્ટ્ર આસપાસ
Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

## ભારત માતાના સાનિધ્યમાં મુક્તિના બ્રાન્ડ એમ્બેસેડરની ઉડાન...



સમગ્ર દેશની સાથે ભાવેણામાં પણ ભારતના ૮૦માં સ્વતંત્રતા દિવસની ઉજવણીનો ખુમાર છવાયેલો છે. રસ્તાઓ પર ત્રિરંગી કમાનો, તિરંગા અને ત્રિરંગા થીમ વાળા કટ આઉટ ની હાજરીથી રસ્તાઓ રંગદર્શી બન્યા છે. ત્યારે મોતીબાગ રોડ પર પણ ભારત માતાની તસ્વીર વાળા આકર્ષક કટઆઉટ અને ત્રિરંગી કમાનો ધ્યાનાકર્ષક લાગે છે. ત્યારે મુક્ત ભારતની માતા (ભારત માતા)ના સાનિધ્યમાં મુક્તિના બ્રાન્ડ એમ્બેસેડર ગણાતા શાંતિદૂતોની ઉડાન દર્શનીયની સાથે અર્થ સભર પણ લાગે છે.

ફોટો અને સ્ટોરી : જયદીપ એ. દવે.

# શાળાઓ-ઓફિસોમાં ભારતમાતાનું પૂજન કરી અખંડ ભારતનો સંકલ્પ લેવા આહ્વાન

લોર્ડ મેકેલોએ ૨ ફેબ્રુઆરી ૧૮૩૫ના રોજ બ્રિટિશ પાર્લામેન્ટમાં સ્વીકાર્યું હતું કે, ભારતના સમર્થ લોકો, આત્મસન્માન અને ઉચ્ચ નૈતિક મૂલ્યો ધરાવતા સાંસ્કૃતિક તથા આધ્યાત્મિક વારસાને તોડ્યા વગર આ દેશ પર શાસન કરવું અશક્ય છે. આ વિચારસરણી હેઠળ ભારતની પ્રાચીનતમ શિક્ષણ પદ્ધતિને મૂળમાંથી બદલીને વિદેશી પ્રથા લાદવામાં આવી. પરિણામે દેશ પરાધીન થયો, અને અનેક દેશભક્તોના બલિદાન પછી મળેલી સ્વતંત્રતા વખતે ૧૪મી ઓગસ્ટ ૧૯૪૭ની રાત્રે દેશના ભયાનક વિભાજનની કરૂણતા સર્જાઈ, જેમાં લાખો નાગરિકો નિરાધાર થયા અને લોહિયાળ હત્યાકાંડ ખેલાયો.

આ ઈતિહાસ અને અખંડ ભારતની સંકલ્પના અંગે 'ગ્રંથાલય ભારતી' સૌરાષ્ટ્ર પ્રાંતના પ્રદેશ કાર્યાલય મંત્રી જયેશ સંઘાણી દ્વારા દેશભક્તિના જાગરણ માટે વિશેષ આહ્વાન કરવામાં આવ્યું છે.

ભારત માત્ર ભૂમિનો ટુકડો નથી પરંતુ જનજનના હૃદયમાં વસેલું એક જીવંત રાષ્ટ્ર છે. બલૂચિસ્તાનના હિંગળાજ માતાથી લઈને અસમના કામાખ્યા દેવી અને હિમાચલના જ્વાળામાખીથી લઈને તમિળનાડુના મિનાક્ષી મંદિર સુધી ફેલાયેલા ૫૨ શક્તિપીઠો, ૧૨ જ્યોર્તિલિંગો અને ૨૧ ગણપતિપીઠો ભારતની અખંડ સીમાઓ અને સાંસ્કૃતિક એકતાનું પ્રતિક છે. જો પૂર્વ-પશ્ચિમ જર્મની એક થઈ શકતા હોય કે યહૂદીઓને ઈઝરાયલ પાછું મળી શકતું હોય, તો ભારત પણ ફરીથી સમર્થ અને અખંડ બની શકે છે.તમામ શાળા-કોલેજો, કંપનીઓ, કાર્યાલયો અને નાગરિકોએ ૧૫મી ઓગસ્ટ અને ૨૬મી જાન્યુઆરીએ ભારતમાતાનું પૂજન અચૂક કરવું જોઈએ.યુવાનોને "ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો"ના મંત્ર સાથે ભારતની અખંડતા અને સાંસ્કૃતિક વારસાને પુનઃસ્થાપિત કરવા માટે તત્પર રહેવા અપીલ કરવામાં આવી છે.

### રાષ્ટ્રને પરમ વૈભવના શિખરે પહોંચાડવા વાસ્તવિક કર્તવ્ય પાલન માટે આટલું થઈ શકે

**સ્વદેશીનો સ્વીકારઃ** દૈનિક જીવનમાં સ્વદેશી વસ્તુઓ વાપરવાનો સંકલ્પ લેવો.

**પંચ પરિવર્તનઃ** પર્યાવરણ સંરક્ષણ, કુટુંબ પ્રબોધન, સામાજિક સમરસતા, સ્વદેશી આચરણ અને નાગરિક કર્તવ્ય દ્વારા સમાજ નિર્માણ અને રાષ્ટ્રભક્તિ પ્રગટાવવી.

**અંગ્રેજોની શિક્ષણ નીતિ અને તુષ્ટીકરણથી થયેલા ભાગલાના ઈતિહાસને સમજીને સોળ કરોડ યુવાનો સ્વદેશી તથા નાગરિક કર્તવ્ય અપનાવે**

## તિરંગા યાત્રામાં અંબિકા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ જીવંત કરી રાષ્ટ્રનાયકોની ઝાંખી




ભાવનગર શહેર ખાતે યોજાયેલી તિરંગા યાત્રામાં અંબિકા પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક સહભાગી બની દેશભક્તિની અનોખી ઝાંખી રજૂ કરી હતી. વિદ્યાર્થીઓએ ભારતમાતા, મહાત્મા ગાંધીજી, નેતાજી સુભાષચંદ્ર બોઝ અને ઝાંસીની રાણી સહિતના રાષ્ટ્રનાયકોના વેશ ધારણ કરી તેમની ભૂમિકાઓને જીવંત કરી હતી. સાથે જ પોલીસ અને આર્મીના જવાનોના વેશમાં વિદ્યાર્થીઓએ રાષ્ટ્રની સુરક્ષા અને સેવાના ભાવને ઉજાગર કર્યો હતો. વિદ્યાર્થીઓની આ જીવંત પ્રસ્તુતિએ તિરંગા યાત્રામાં ઉપસ્થિત સૌનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. રાષ્ટ્રનાયકોના જીવન અને દેશપ્રેમની ભાવનાને ઉજાગર કરતી આ ઝાંખીએ યાત્રાના દેશભક્તિમય માહોલને વધુ ઉર્જાસભર બનાવ્યો હતો.

# બેન્ક કર્મચારી ઈકોકારમાં પર્સ ભૂલી જતા ટીમ 'નેત્રમ' મદદથી પરત મળ્યું

**સીસીટીવી કેમેરા સર્વેલન્સ અને ટેકનોલોજીની મદદથી રોકડ રકમ અને મહત્ત્વના ડોક્યુમેન્ટ અને પેનડ્રાઈવ મૂળ માલિકને સુપ્રત કરાયા**

ભાવનગર,તા.૧૪

ભાવનગર કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર 'નેત્રમ'ની ટીમે સીસીટીવી સર્વેલન્સના આધારે ઉત્કૃષ્ટ કામગીરી કરીને એક બેંક કર્મચારીનું ગુમ થયેલું પર્સ શોધી આપી પ્રશંસનીય ઉદાહરણ પૂરું પાડ્યું છે.

મળતી માહિતી મુજબ, તા. ૧૩/૦૮/૨૦૨૬ના રોજ બપોરે ૩ વાગ્યા આસપાસ એક અરજદારે 'નેત્રમ' કંટ્રોલ રૂમ ખાતે આવી અરજી આપી હતી. તેઓ બેંકમાં નોકરી કરતા હોય, અમરેલીના ચાવંડથી ઈકો ગાડીમાં બેસી ભાવનગર આવી રહ્યા હતા. ભાવનગર આર.ટી.ઓ. સર્કલ પાસે ગાડીમાંથી ઉતરતી વખતે તેમનું પર્સ ગાડીમાં ભૂલાઈ ગયું હતું. આ પર્સમાં રોકડ રૂ. ૩૫૦૦/-, જરૂરી સરકારી ડોક્યુમેન્ટ્સ અને બેંકનો મહત્ત્વનો ડેટા ધરાવતી પેનડ્રાઈવ હતી.

અરજદારે આપેલી વિગતો અને વર્ણનના આધારે 'નેત્રમ' ટીમે તાત્કાલિક સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા. નારી ચોકડી, અને નિર્મળનગર જંક્શનના કેમેરા તપાસતાં ઈકો ગાડી રજિસ્ટ્રેશન નં. GJ 04 CR 4346 પસાર થતી જોવા મળી હતી.

ગાડીના નંબરના આધારે 'નેત્રમ' ટીમે તુરંત ઈકો ચાલકનો સંપર્ક કર્યો હતો અને ગાડીમાંથી મળેલું પર્સ, રોકડ રકમ રૂ. ૩૫૦૦/-, પેનડ્રાઈવ તથા તમામ ડોક્યુમેન્ટ્સ સલામત રીતે અરજદારને પરત સોંપાવ્યા હતા. પોતાના કિંમતી કાગળો અને ડેટા પરત મળતાં અરજદારે ભાવનગર પોલીસનો આભાર માન્યો હતો.

પોલીસ સબ ઈન્સ્પેક્ટર વાય.એન.ગોહિલના માર્ગદર્શન હેઠળ સી.સી.આર. ઈન્ચાર્જ પો.હેડ.કોન્સ. પી.પી.ધોળકિયા, હેડ.કોન્સ. ડી.એ.ગોહિલ તથા પો.કોન્સ. મોહિતભાઈ, દક્ષાબેન, રોનકબેન, ગાયત્રીબા અને અલ્પાબેન સહિતની ટીમે આ કામગીરી સફળતાપૂર્વક પાર પાડી હતી.

## પ્રદેશ ભાજપ અધ્યક્ષ વિશ્વકર્માના જન્મદિવસે શહેર ભાજપે વિવિધ સેવાકાર્યો કર્યા



**૧૨ ઓગસ્ટના રોજ ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માજીનો જન્મદિવસ હોયને ભાવનગર શહેર ભાજપ દ્વારા લેપ્રસી સોસાયટી ખાતે ભોજન વિતરણ, મહિલા મોરચા દ્વારા વિદ્યાવિહાર સ્કૂલ, દેસાઈનગર ખાતે સર્વાઈકલ રસીકરણ કેમ્પ, લઘુમતી મોરચા દ્વારા મહિલાઓને સુપોષણ કીટનું વિતરણ, કિસાન મોરચા દ્વારા આંબાવાડી વૃદ્ધાશ્રમના વૃદધોને ફ્રૂટ વિતરણ જેવા વિવિધ સેવાકાર્યો કરવામાં આવ્યા હતાં.**

# SGFI જિલ્લા કક્ષાની વુશુ સ્પર્ધામાં મણાર લોકશાળાનો દબદબોઃ ૧૧ ગોલ્ડ અને ૪ સિલ્વર મેડલ સર કર્યા

**વિજેતા ખેલાડીઓ હવે રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાવનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે**



ભાવનગર,તા.૧૩

SGFI સ્કૂલ ગેમ્સ અંતર્ગત યોજાયેલી જિલ્લા કક્ષાની વુશુ સ્પર્ધામાં ગ્રામ દક્ષિણામૂર્તિ લોકશાળા મણારના ખેલાડીઓએ અપ્રતિમ સિદ્ધિ હાસલ કરી છે. શાળાના ખેલાડીઓએ પોતાના ઉત્કૃષ્ટ કૌશલ્ય અને શિસ્તબદ્ધ રમત થકી કુલ ૧૧ ગોલ્ડ મેડલ અને ૪ સિલ્વર મેડલ પોતાના નામે કરીને શાળા તેમજ સમગ્ર ભાવનગર જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

આ શાનદાર પ્રદર્શન માટે ટીમ કોચ સુનીલભાઈ ખાવડુ, ભાવેશભાઈ જાંબુચા અને માર્ગદર્શક આચાર્યના યોગ્ય માર્ગદર્શન હેઠળ ખેલાડીઓને સઘન તાલીમ આપવામાં આવી હતી. જિલ્લા કક્ષાએ વિજેતા બનેલા આ તમામ ખેલાડીઓ હવે આગામી સમયમાં ભાવનગર જિલ્લા વતી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં રમવા જશે.

આ અભૂતપૂર્વ સિદ્ધિ બદલ શાળા પરિવાર અને રમતગમત ક્ષેત્રે હર્ષની લાગણી છવાઈ છે. શાળાના ટ્રસ્ટી, આચાર્ય તથા સમગ્ર પરિવારે ખુશી વ્યક્ત કરીને વિજેતા ખેલાડીઓ અને માર્ગદર્શકોને આગામી રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે હૃદયપૂર્વક અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી છે.

# રક્ષાબંધનને લઈને પોસ્ટ ડિપાર્ટમેન્ટ સજ્જઃ રાખી મેઈલ માટે અલગ વ્યવસ્થા, સ્પીડ પોસ્ટ પર ૧૦% ડિસ્કાઉન્ટ

**૨૮ ઓગસ્ટે રક્ષાબંધન નિમિત્તે રાખડી સમયસર પહોંચાડવા વિશેષ કાઉન્ટર શરૂ; ૧૨ ઓગસ્ટથી દેશભરમાં ડિસ્કાઉન્ટ સુવિધા અમલી**

ભાવનગર,તા.૧૪

આગામી ૨૮ ઓગસ્ટે આવતા રક્ષાબંધનના પવિત્ર તહેવારને ધ્યાનમાં રાખીને ભાઈ-બહેનના પ્રેમરૂપી રાખડી સમયસર પહોંચે તે માટે ભારતીય ટપાલ વિભાગ દ્વારા આગોતરી તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. રાખડીના કવરો માટે 'ઇછદ્ધઊઁ સ્હૈંન્જી' ના વિશેષ લેબલ સાથે ઝડપી સોર્ટિંગ, બેગિંગ અને પ્રાથમિકતાના ધોરણે ડિસ્પેચની અલગ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ભાવનગર હેડ પોસ્ટ ઓફિસ સહિત તમામ કચેરીઓમાં રાખી મેઈલ માટે અલગ ટ્રે અને બેગ રાખવામાં આવ્યા છે.

ટપાલ વિભાગ દ્વારા 'રાખી મેઈલ' પર ઈનલેન્ડ સ્પીડ પોસ્ટના મૂળ ચાર્જ પર ૧૦% વિશેષ ડિસ્કાઉન્ટ જાહેર કરવામાં આવ્યું છે, જે ૧૨ ઓગસ્ટ ૨૦૨૬થી અમલી બન્યું છે. આ લાભ મેળવવા ગ્રાહકે કવર પર "ઈઠ્ઠારૈ સ્ઠ્ઠૈજ્ઞ" લખવાનું રહેશે અને એક વ્યક્તિ એકસાથે વધુમાં વધુ ૫ આર્ટિકલ બુક કરાવી શકશે.

ભાવનગર સોર્ટિંગ ઓફિસ ખાતે સવારે ૯ થી રાત્રે ૧૦ વાગ્યા સુધી વિશેષ કાઉન્ટર કાર્યરત કરાયા છે. રાખડી સમયસર પહોંચે તે માટે ગુજરાતમાં ઓછામાં ઓછા ૪ દિવસ અને અન્ય રાજ્યો માટે ૫ દિવસ અગાઉ પોસ્ટ કરવા અપીલ કરવામાં આવી છે.

# નારી ગામમાં સરકારી દવાખાના પાસે જુગાર રમતા 3 મહિલા સહિત ૧૦ શખ્સો ઝડપાયા

## ભાવનગર ગ્રામ્ય ડિવિઝન સ્કવોર્ડની કાર્યવાહીમાં રૂ. ૨૫,૪૧૦ની રોકડ રકમ અને ગંજીપત્તા જપ્ત

ભાવનગર,તા.૧૪

ભાવનગર ગ્રામ્ય ડિવિઝન સ્કવોર્ડે શહેર નજીક આવેલા નારી ગામમાં સરકારી દવાખાના પાસે જાહેરમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડી ત્રણ મહિલાઓ સહિત ૧૦ લોકોને ગંજીપત્તા વડે હાર-જીતનો જુગાર રમતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. આ દરોડા દરમિયાન પોલીસે રૂ. ૨૫,૪૧૦ની રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યું છે.

ગ્રામ્ય ડિવિઝન પોલીસ સ્ટાફ પેટ્રોલીંગમાં હતો, તે દરમિયાન નારી ગામના મફતનગર સ્થિત સરકારી દવાખાના નજીક ખુલ્લી જગ્યામાં કેટલાક લોકો જુગાર રમી રહ્યા હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જેના આધારે પોલીસે દરોડો પાડીને રાહુલ લાભુભાઈ રાઠોડ, મુકેશ ઓધાભાઈ રાઠોડ, મેહુલ જેન્તીભાઈ પરમાર, મુકેશ પાંચાભાઈ જતાપરા, કપીલ મનસુખભાઈ રાઠોડ, હરેશ માનસંગભાઈ જાંબુચા અને કાંજી છનાભાઈ જાંબુચાની અટકાયત કરી હતી.દરોડાની કામગીરી સંધ્યા સમયે થઈ હોવાના કારણે દરોડા સ્થળેથી મળી આવેલી ત્રણ મહિલાઓને અટક કર્યા વિના આગામી દિવસે વરતેજ પોલીસ મથકે હાજર રહેવા નોટિસ/સૂચના આપવામાં આવી હતી. પોલીસે સ્થળ પરથી જપ્ત કરેલી ૨૫,૪૧૦ની રોકડ અને ગંજીપત્તા સાથે તમામ ૧૦ આરોપીઓ સામે વરતેજ પોલીસ સ્ટેશનમાં જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે.

# પુષ્ય નક્ષત્ર નિમિત્તે ભાવનગરમાં નિઃશુલ્ક સુવર્ણપ્રાશન સંસ્કાર યોજાયો

**મોટી સંખ્યામાં માતાઓ અને બાળકો ઉપસ્થિત રહ્યા; ઋષિ-મુનિ પરંપરાને જીવંત રાખવાનો અનોખો પ્રયાસ**





ભાવનગર,તા.૧૪

ભાવનગરના ગાયત્રીનગર ખાતે પુષ્ય નક્ષત્રના શુભ અવસરે બાળકોના સારા સ્વાસ્થ્ય, રોગપ્રતિકારક શક્તિ અને સર્વાંગી વિકાસના હેતુથી નિઃશુલ્ક સુવર્ણપ્રાશન સંસ્કારનું આયોજન કરવામાં આવ્યું હતું. ડો. દેવાંશીબા ગોહિલ (મ.છ.સ.જી.) દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં માતાઓ અને બાળકો ઉપસ્થિત રહી આયુર્વેદિક સંસ્કારનો લાભ લીધો હતો.

ભારતીય સંસ્કૃતિનું મૂળ આયુર્વેદ સાથે જોડાયેલું છે અને ઋષિ-મુનિઓની પ્રાચીન પરંપરામાં આયુર્વેદને આરોગ્યપ્રદ જીવનનો મહત્વનો આધાર માનવામાં આવ્યો છે. આ પ્રાચીન પરંપરાને નવી પેઢી સુધી પહોંચાડવા અને ઋષિ-મુનિ પરંપરાને જીવંત રાખવાનો એક અનોખો પ્રયાસ આ કાર્યક્રમ દ્વારા કરવામાં આવ્યો હતો.

આયોજકોના જણાવ્યા મુજબ, સુવર્ણપ્રાશન સંસ્કાર આયુર્વેદિક પરંપરામાં બાળકોના આરોગ્ય અને સર્વાંગી વિકાસ માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. કાર્યક્રમ દરમિયાન સુવર્ણભસ્મ, ઘી, મધ તથા આયુર્વેદિક ઔષધિઓના સંયોજનથી સુવર્ણપ્રાશન સંસ્કાર કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત વાલીઓને આયુર્વેદના મહત્વ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. "દરેક જટિલ રોગોના અંત માટે આયુર્વેદ એક મહત્વપૂર્ણ માર્ગ છે" એવો સંદેશ આપતા આયોજકોએ લોકોને ભારતીય પરંપરાગત ચિકિત્સા પદ્ધતિ આયુર્વેદ પ્રત્યે જાગૃત થવા અપીલ કરી હતી. બાળકોના આરોગ્ય માટે યોજાયેલા આ કાર્યક્રમમાં વાલીઓમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. મોટી સંખ્યામાં માતાઓ પોતાના બાળકો સાથે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# અભિનય ઉત્સવ દ્વારા સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીઓ પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરશે

ભાવનગર,તા.૧૪

૮૦ માં પ્રજાસત્તાક પર્વ ના રોજ ભાવનગર જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ અને દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનના સંયુક્ત ઉપક્રમે અભિવ્યક્તિ ઉત્સવનું આયોજન દક્ષિણામૂર્તિ રંગમંચ ખાતે તારીખ ૧૫ ને શનિવારના રોજ સવારે ૧૦ કલાકે કરવામાં આવ્યું છે

૧૫ ઓગસ્ટને શનિવારના રોજ ભાવનગર શહેરની જુદી જુદી ૧૩ શાળા અને સંસ્થાના ૨૫૦ થી વધુ સ્કાઉટ ગાઈડ દક્ષિણામૂર્તિ બાલપમરાટ રંગ મંચ ખાતે દેશભક્તિ, કૃષ્ણ વંદના પર પોતાની કલાકૃતિ અભિવ્યક્ત કરશે કાર્યક્રમની શરૂઆત ભારતમાતાને પુષ્પાંજલિ અર્પણ કરી કરવામાં આવશે તેમજ વિજય વિશ્વ તિરંગા પ્યારા નું સમૂહ ગાન ઉપસ્થિત સૌ સ્કાઉટ ગાઈડ વાલીઓ અને શિક્ષકો દ્વારા કરવામાં આવશે અને વિવિધ નારાઓ ભારત માતાકી જય, આઝાદ હિન્દ જિંદાબાદ, કોમીનારા વંદે માતરમ, કશ્મીર હોય આ કન્યાકુમારી ભારત માતા એક હમારી જેવા નારા સાથે કાર્યક્રમની શરૂઆત થશે અને દેશભક્તિ ઉજાગર કરવામાં આવશે કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે વૈભવ ભાઈ વ્યાસ - પ્રેસિડેન્ટ રોટરી ક્લબ ઓફ ભાવનગર રોયલ અને મનહરભાઈ રાઠોડ - સેક્રેટરી સેલ્ફ ફાઈનાન્સ ફેડરેશન ઓફ ગુજરાત ઉપસ્થિત રહેશે તેમજ ભાવનગરના શિક્ષણ વિદો, રાજકીય આગેવાનો અને ઉદ્યોગપતિઓ સ્કાઉટ ગાઈડને પ્રોત્સાહિત કરવા માટે પોતાની હાજરી આપશે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા મંત્રી અજયભાઈ ભટ્ટ અને ગાઈડ કમિશનર દર્શનાબેન ભટ્ટના માર્ગદર્શનમાં રોવર રેંજર અને સિનિયર સ્કાઉટ ગાઈડ જહેમત ઉઠાવી રહ્યા છે.

**ભાવનગરમાં ૧૩ શાળાના ૨૫૦ થી વધુ સ્કાઉટ ગાઈડ અભિનય પ્રસ્તુત કરશે**

# પશુઓને બચાવવા જતા ટ્રક ટ્રક ગટરમાં ખાબક્યો

અમરેલી,

અમરેલી-સાવરકુંડલા રોડ પર મોડી રાત્રે રખડતા પશુઓના કારણે વધુ એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. હુડકો સોસાયટી નજીક રોડ પર બેઠેલી ત્રણ ગાયો અચાનક ટ્રક ચાલકની નજરે પડતાં ટ્રક ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ટ્રક રોડની સાઈડમાં આવેલી ગટરમાં ખાબક્યો હતો.અકસ્માતમાં રોડ પર બેઠેલી ત્રણેય ગાયોના મોત થયા હતા, જ્યારે ટ્રક ચાલકનો સદનસીબે આબાદ બચાવ થયો હતો.

**જાહેરાત**

**ભાવનગર મહાનગરપાલિકા**
**સાધારણ સમગ્ર સભા**
**// પરિપત્ર //**

માન.સભ્યશ્રી,

ભાવનગર મહાનગરપાલિકાની સાધારણ સમગ્ર સભા કાર્યસૂચિ આંક ૪/૨૦૨૬-૨૭નાં કાર્યોનાં કાર્ય :- ૧ થી ૬ નાં નિર્ણય માટે નીચેની વિગતો રાખેલ છે. જેમાં હાજરી આપવા વિનંતી છે.

તારીખ :- ૨૧/૦૮/૨૦૨૬ વાર :- શુક્રવાર
સમય :- સાંજના ૪:૦૦ કલાકે
સ્થળ :- સભાગૃહ, મહાનગરપાલિકા કચેરી, ભાવનગર.
ભાવનગર
તા.૧૩/૦૮/૨૦૨૬

**સત્યપાલસિંહ એન. પરમાર**, સચિવ, મહાનગરપાલિકા, ભાવનગર
**ઉષાબેન કે. તલરેજા**, મેયર, મહાનગરપાલિકા, ભાવનગર

## બે દિવસ પૂર્વે તપાસ છતાં સ્થિતિ 'જૈસે થે'; કમિશન પ્રથાના આક્ષેપો સાથે ABVP મેદાનમાં, મામલો રાજ્ય સરકાર સુધી પહોંચ્યો

# સમરસ હોસ્ટેલના ભોજનમાં ગરોળી-ઈયળ નીકળતા મામલો ગાંધીનગર સુધી ગુંજ્યો : ધારાસભ્ય સેજલબેન પંડ્યાએ કોન્ટ્રાક્ટરોનો ઉધડો લીધો

ભાવનગર,તા.૧૪

ભાવનગરની સરકારી સમરસ હોસ્ટેલમાં કથળેલી સુવિધાઓ અને નબળી ગુણવત્તાના ભોજનને લઈને વિદ્યાર્થીઓનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. હજુ બે દિવસ પૂર્વે જ ગર્લ્સ હોસ્ટેલમાં ભોજનમાં જીવાતો નીકળવા, પૂરતું પાણી ન મળવા અને ગંભીર લાપરવાહી અંગે નાયબ જીલ્લ્સ તથા તેમની ટીમે રાતોરાત સ્થળ તપાસ કરીને કડક સૂચનાઓ આપી હતી. પરંતુ આ તપાસના બે જ દિવસમાં બોયઝ હોસ્ટેલમાં સવારના નાસ્તામાંથી ગરોળી અને બપોરની દાળમાંથી ઈયળ મળી આવતાં વિદ્યાર્થીઓની સહનશક્તિ ખૂટી ગઈ હતી અને પરિસરમાં જ ભારે હોબાળો મચી ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ ધારાસભ્ય સેજલબેન પંડ્યાએ સ્થળ પર પહોંચી વિદ્યાર્થીઓની રજૂઆતો સાંભળી હતી અને સમરસ ગર્લ્સ હોસ્ટેલની પ્રત્યક્ષ મુલાકાત લઈ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. ધારાસભ્યએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓની માંગણીઓ વાજબી હતી અને તેમની વાત સાંભળવા વાળા કોઈ નહોતા. મુલાકાત દરમિયાન અનેક ખામીઓ ધ્યાન પર આવી છે.

સરકાર દ્વારા તેજસ્વી છાત્રોને રહેવા-જમવાની શ્રેષ્ઠ સુવિધા મળે તે માટે સમરસ હોસ્ટેલનો સારો કન્સેપ્ટ અમલમાં મુકાયો છે, પરંતુ હાલ અહીં અપાતા કોન્ટ્રાક્ટમાં વ્યાપક "કમિશન પ્રથા" વ્યાપી ગઈ







### પ્રશ્નોના કાયમી નિકાલ અર્થે પુર્વના ધારાસભ્ય સેજલબેન પંડ્યાના અધ્યક્ષસ્થાને અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સાથે આજે યોજાઈ વિશેષ બેઠક

હોવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા છે. વિદ્યાર્થીઓના ભોજન પાછળ લાખો રૂપિયા ખર્ચવા છતાં જીવજંતુયુક્ત ખાદ્યસામગ્રી પીરસી તેમના આરોગ્ય સાથે ખુલ્લેઆમ ખીલવાડ કરવામાં આવી રહ્યો છે, જેથી રાતોરાત તપાસ થયા બાદ પણ સ્થિતિ ઠેરની ઠેર રહેતાં તપાસ અધિકારીઓની કામગીરી સામે પણ સવાલો ઉઠ્યા છે.

બીજી બાજુ આ ઘટનાના વિરોધમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના કાર્યકરો વિદ્યાર્થીઓના સમર્થનમાં મેદાનમાં આવ્યા છે અને યોગ્ય કાનૂની નિર્ણયની માંગ સાથે ધરણા કર્યા હતા. ભોજન સિવાય હોસ્ટેલમાં બંધ પડેલી ટ્યુબલાઈટો, ન ચાલતા પંખા, ગરમ પાણીનો અભાવ અને સુરક્ષાના પ્રશ્નો જેવી મેન્ટેનન્સની પણ વ્યાપક ફરિયાદો ઉઠી છે. વિદ્યાર્થીઓ દ્વારા કોઈ પણ કમિશનની પરવા કર્યા વગર સમગ્ર મામલે તટસ્થ તપાસ કરી તમામ પ્રશ્નોનું તાત્કાલિક અને કાયમી નિરાકરણ લાવવા માંગ કરવામાં આવી છે.

દરમિયાનમાં ધારાસભ્ય સેજલબેન પંડ્યાના અધ્યક્ષ સ્થાને આજે એક અગત્યની સંકલન બેઠક મળી હતી, જેમાં ભોજનમાં જીવાત નીકળવા અંગે રસોઈનો કોન્ટ્રાક્ટ ધરાવતા સંચાલકો, કલેક્ટર કચેરીના પ્રતિનિધિઓ તથા એ-ડિવિઝન પોલીસ મથકના અધિકારીઓ સાથે સંકલન સાધી ઉકેલ લાવવા કવાયત હાથ ધરાઈ હતી. સૂત્રોથી પ્રાપ્ત વિગતો અનુસાર ધારાસભ્યએ આ મામલે સંબંધિતોને ખખડાવીને સખત ઉધડો લીધો હતો.

આજની બેઠકના અંતે ધારાસભ્યએ જણાવ્યું હતું કે, છેલ્લા બે-ત્રણ દિવસથી હોસ્ટેલમાં સામે આવેલી ગંભીર સમસ્યાઓ અંગે અધિકારીઓ અને જવાબદારોએ રૂબરૂ મુલાકાત લઈ સ્થિતિની સમીક્ષા કરી છે. વિદ્યાર્થીઓની કેટલીક માંગણીઓ અને સ્થાનિક સ્તરે ન ઉકેલાઈ શકે તેવા પ્રશ્નો અંગે અગાઉ મંત્રી સાથે પણ ટેલિફોનિક વાતચીત કરવામાં આવી છે અને આ બાબતો સરકાર સુધી પહોંચાડી દેવાઈ છે, જેથી રાજ્ય સરકાર કક્ષાએથી આ મામલે ત્વરિત કાયદાકીય નિર્ણય લઈ આગળની કાર્યવાહી હાથ ધરાશે.

# કુંભારવાડામાં મિત્ર સાથે રહેવાની દાઝ રાખી યુવાન ઉપર લોખંડના પાઈપ, ધોકાથી હુમલો

### બોરતળાવ પોલીસ મથકે રોહિત સોગઠ અને બલ્લી વિરુદ્ધ ગુનો દાખલ

ભાવનગર,તા.૧૪

ભાવનગર: શહેરના કુંભારવાડા ખાર વિસ્તારમાં જૂની અદાવત અને મિત્રતાની દાઝ રાખી ૨૨ વર્ષીય યુવાન પર લોખંડના પાઈપ તથા ધોકાથી જીવલેણ હુમલો કરવામાં આવ્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ હુમલામાં યુવાનને માથામાં હેમરેજ તેમજ હાથ અને પગમાં ફેક્ચર જેવી ગંભીર ઈજાઓ થતાં તેને સારવાર અર્થે સર ટી. હોસ્પિટલના એસ.આઈ.સી.યુ. વોર્ડમાં ખસેડવામાં આવ્યો છે.

બનાવ અંગે મળતી માહિતી મુજબ, પ્લોટ નં. ૧૦, શેરી નં. ૪, બાનુબેનની વાડી, કુંભારવાડા ખાતે રહેતા અને હીરાની ઓફિસમાં કામ કરતા વિશાલભાઈ રમેશભાઈ ધરજીયા ગત રાત્રિના સાડા આઠ વાગ્યાની આસપાસ પોતાના મિત્રો યોગેશ અને પંકજ સાથે એક્ટિવા મોટરસાયકલ પર કુંભારવાડા પાળેથી પોતાના ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન કુંભારવાડા ખાર વિસ્તારમાં પહોંચતા રોહિત સોગઠ અને બલ્લી પોતાની બર્ગમેન મોટરસાયકલ લઈને આવ્યા હતા અને વિશાલભાઈનું વાહન ઓવરટેક કરી ઊભું રખાવ્યું હતું.

રોહિતે પોતાની પાસે રહેલા લોખંડના પાઈપથી વિશાલભાઈના માથાના ભાગે ઘા ઝીંકી દીધો હતો, જેથી તેઓ નીચે પડી ગયા હતા. આરોપીઓએ "અમારા ખાચામાંથી નીકળતો નહીં" તેમ કહી ધોકા અને પાઈપથી હાથ તથા પગના ભાગે આડેધડ માર માર્યો હતો. આ હુમલા દરમિયાન આસપાસના લોકો ભેગા થઈ જતા અને મિત્ર જયેશ વચ્ચે બચાવ કરતાં વધુ મારથી બચાવ થયો હતો. ત્યારબાદ ઈજાગ્રસ્ત વિશાલભાઈને સારવાર માટે સર ટી. હોસ્પિટલના એસ.આઈ.સી.યુ. વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા છે,આ હુમલા પાછળનું કારણ એવું બહાર આવ્યું છે કે ભોગ બનનાર વિશાલભાઈ તેમના મિત્ર મયુર ચુડાસમા સાથે રહેતા હતા. મયુરને આરોપી રોહિત સોગઠ સાથે જૂની માંથાકૂટ (અદાવત) ચાલતી હોય, જે વાત રોહિતને ગમતી ન હતી. આ જ બાબતની દાઝ રાખીને આ હુમલો કરવામાં આવ્યો હતો. આ બનાવ અંગે ભોગ બનનાર વિશાલભાઈની ફરિયાદના આધારે બોરતળાવ પોલીસ મથકે રોહિત સોગઠ અને બલ્લી વિરુદ્ધ બી.એન.એસ. કલમ ૧૧૭(૨), ૧૧૫(૨), ૫૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ભરતનગરમાંથી ચોરાઉ એક્ટિવા સાથે બે ઝબ્બે

ભાવનગર,તા.૧૪

ભરતનગર પોલીસ સ્ટેશનના સ્ટાફે પેટ્રોલીંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે આશરે રૂ. ૪૫,૦૦૦ની કિંમતના ચોરાયેલા હોન્ડા એક્ટિવા સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે.

પોલીસે કૌશલ ઉર્ફે કવલો ચાવડા અને વિરાજસિંહ સોલંકીની અટકાયત કરી સઘન પૂછપરછ હાથ ધરી હતી. જેમાં આરોપીઓએ તળાજા રોડ પર આવેલી દ્વારકાપુરી સોસાયટીમાંથી લોક તોડી વાહનની ચોરી કરી હોવાની અને તેને નારી ચોકડી પાસે ગોડાઉનમાં છુપાવી રાખ્યાની કબૂલાત કરી હતી.પોલીસ તપાસમાં સામે આવ્યું કે આ



આરોપીઓ વાહનની ચોરી કરી સુરક્ષિત જગ્યાએ છુપાવી દેતા અને ગ્રાહક મળ્યે તેને વેચી દેવાની મોડસ ઓપરેન્ડી ધરાવતા હતા. પોલીસે ચોરાયેલું વાહન જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# વલ્લભીપુરના મફતનગર વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા બે ખેલંદા ઝડપાયા, બે ફરાર

ભાવનગર,તા.૧૪

ભાવનગર જિલ્લાના વલ્લભીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ મફતનગર-૨ દેવીપુંજક વાસ ખાતે ખુલ્લી જગ્યામાં ગંજીપાના વડે પૈસાથી હારજીતનો જુગાર રમી રહેલા શખ્સો પર પોલીસે દરોડો પાડ્યો છે. આ કાર્યવાહી દરમિયાન પોલીસે બે આરોપીઓને રૂ. ૧,૮૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા છે, જ્યારે અન્ય બે શખ્સો નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

મળતી માહિતી મુજબ, વલ્લભીપુર પોલીસ સ્ટેશનના અનાર્મ પો.કોન્સ. યુવરાજસિંહ વિક્રમસિંહ ગોહિલ તથા સ્ટાફ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે મફતનગર-૨ ખાતે કેટલાક ઈસમો જાહેરમાં જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે પંચોને સાથે રાખીને રાત્રિના ૨૧:૧૫ વાગ્યે દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને નાસભાગ મચી ગઈ હતી, જેમાં પોલીસે બે શખ્સોને પકડી લીધા હતા જ્યારે બે શખ્સો નાસી ગયા હતા.

પકડાયેલા આરોપીઓમાં અજયભાઈ વિક્રમભાઈ વાઘેલા અને રવીભાઈ દિનેશભાઈ બોરસણીયા (બંને રહે. વલ્લભીપુર મફતનગર-૦૨) હોવાનું સામે આવ્યું છે. જ્યારે નાસી ગયેલા ઈસમોમાં જયપાલભાઇ જીણાભાઈ પરમાર અને પ્રવીણભાઈ બચુભાઇ વાઘેલા હોવાનું જણાયું હતું. પોલીસે સ્થળ અને આરોપીઓ પાસેથી કુલ રોકડા રૂ. ૧,૮૦૦ તથા ગંજીપાના જપ્ત કરી, બંને પકડાયેલા શખ્સો વિરુદ્ધ જુગાર ધારાની કલમ ૧૨ મુજબ ગુનો નોંધી કાયદેસરની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે.

# વડવા પાદરદેવકીમાં મકાન ખાલી કરવા બાબતે મોટાભાઈ અને ભત્રીજાએ યુવાન ઉપર છરી વડે કર્યો જીવલેણ હુમલો

### નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ

ભાવનગર,તા.૧૪

શહેરના વડવા પાદર દેવકી કોળીવાનો ખાંચો, મોચી બજાર ચબુતરા પાસે સંયુક્ત મિલકતના મકાન બાબતે ચાલી રહેલા વિવાદમાં મોટા ભાઈ અને ભત્રીજાએ એક યુવાન પર છરી વડે જીવલેણ હુમલો કર્યાની ગંભીર ઘટના પ્રકાશમાં આવી છે. આ હુમલામાં યુવાનના ફેફસા સુધી ગંભીર ઈજા થતાં તેને તાત્કાલિક સર ટી. હોસ્પિટલના એસ.આઈ.સી.યુ. વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, વડવા પાદરદેવકી ચોકમાં ચબુતરા પાસે 'ખાનસાબ ટી સ્ટોલ' ચલાવતા અને વેપાર કરતા ૩૬ વર્ષીય અમીરખાન અયુબખાન પઠાણ ગત રાત્રિના ત્રણેક વાગ્યાના અરસામાં ઘરે સૂતા હતા. દરમિયાન તેમના નાના ભાઈ જાબેરખાનનો ફોન આવ્યો હતો કે મોટો ભાઈ યુસુફખાન અને તેનો પુત્ર અયાનખાન મકાન ખાલી કરવા બાબતે ગાળાગાળી કરે છે. જેથી અમીરખાન ત્યાં દોડી ગયા હતા.ત્યાં યુસુફખાન અને અયાનખાન નાના ભાઈ જાબેરખાનને બિભત્સ ગાળો આપી રહ્યા હતા. અમીરખાન દ્વારા ગાળો બોલવાની ના પાડતા આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હતા અને ભત્રીજા અયાનખાને પોતાના હાથમાં રહેલી છરી વડે અમીરખાનના ડાબી બાજુના પડખામાં છાતીના ભાગે ઘા ઝીંકી દીધો હતો. બનાવને પગલે ઈજાગ્રસ્ત અમીરખાનને તાત્કાલિક સર ટી. હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. ઘટનાનું કારણ એવું સામે આવ્યું છે કે, પિતાએ ખરીદેલું મકાન પાંચેય ભાઈઓની સંયુક્ત સંપત્તિ હતું, પરંતુ મોટા ભાઈ યુસુફખાનને બેંકમાંથી લોન લેવાની હોવાથી દસ્તાવેજ પોતાના નામે કરાવી લીધો હતો અને હવે સમગ્ર મકાન એકલાએ પચાવી પાડવા માટે નાના ભાઈ સાથે ઝઘડો કરી આ હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# તીર્થ ક્ષેત્ર બગદાણા ધામમાં શ્રાવણ માસ નિમિત્તે અખંડ રામધૂન ગાનનો શુભારંભ





બજરંગદાસ બાપાના ધામ ગુરુઆશ્રમ બગદાણા ખાતે શ્રાવણ માસ નિમિત્તે અખંડ રામધૂનનો પ્રારંભ થયો છે. ગુરુ આશ્રમના પવિત્ર પરિસરમાં પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ સળંગ શ્રાવણ માસ દરમિયાન સંગીતમય અખંડ રામધૂન દિવસ અને રાત્રે અખંડ પણે શરૂ રહેશે.રામધુનમાં બગદાણા ગામના તેમજ બીજા અલગ અલગ મંડળો ક્રમ મુજબ અખંડ રામધૂનમાં જોડાયા છે.દર્શનાર્થી યાત્રાળુઓ સહિતના સૌને આ અખંડ સંગીતમય રામધૂનનો પવિત્ર લાભ મળશે.

# ચાવડી ગેઈટ વિસ્તારમાં જાહેરમાં જુગાર રમતા એક શખ્સ ઝડપાયો અન્ય બે ફરાર

### નીલમબાગ પોલીસ સ્ટેશનની ટીમે રૂ. ૨૬૧૦નો મુદ્દામાલ જપ્ત

ભાવનગર,તા.૧૪

ભાવનગર શહેરના નીલમબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ચાવડી ગેઈટ દેવીપુંજક વાસ પાસે ખુલ્લી જાહેર જગ્યામાં ગંજીપાના વડે પૈસાથી હારજીતનો જુગાર રમી રહેલા શખ્સો પર પોલીસે સફળ રેઈડ કરી હતી જેમાં પોલીસે સ્થળ પરથી એક આરોપીને ઝડપી પાડ્યો લીધો હતો જ્યારે અન્ય બે આરોપીઓ નાસી છૂટવામાં સફળ રહ્યા હતા.

મળતી માહિતી મુજબ, નીલમબાગ પોલીસ સ્ટેશનના પો.કોન્સ. ઉજ્જવલસિંહ જગદિશસિંહ ગોહિલ તથા સ્ટાફના માણસો ખાનગી વાહનમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન રાત્રિના ૨૩:૦૫



વાગ્યે ચાવડી ગેઈટ પાસે બાતમી મળી હતી કે દેવીપુંજક વાસ લીમડા પાસે કેટલાક ઈસમો ગોળ કુંડાળું વળી જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પંચોને સાથે રાખી પોલીસે ૨૩:૨૫ વાગ્યે દરોડો પાડ્યો હતો. પોલીસને જોઈને નાસભાગ મચી ગઈ હતી, જેમાં પોલીસે ઘેરાબંધી કરી એક ઈસમ પકડી લીધો હતો, જ્યારે બે શખ્સો નાસી ગયા હતા. પકડાયેલા શખ્સની પૂછપરછ કરતા તેણે પોતાનું નામ ગોવિંદભાઈ ઉર્ફે ગબ્બર હરીભાઈ સોલંકી (ઉ.વ. ૫૧, રહે. ચાવડી ગેઈટ, દેવીપુંજક વાસ, ભાવનગર) હોવાનું જણાવ્યું હતું. તેની અંગજડતી અને પટ્ટમાંથી કુલ રોકડા રૂ. ૨૬૧૦ તથા ગંજીપાનાના પાના નંગ-૫૨ જપ્ત કરવામાં આવ્યા હતા. પૂછપરછ દરમિયાન નાસી ગયેલા અન્ય બે શખ્સોના નામ રોફીત ઉર્ફે ભજીયો વિજયભાઇ સોલંકી અને અજય રમેશભાઇ સોલંકી (બંને રહે. ચાવડી ગેઈટ, ભાવનગર) હોવાનું સામે આવ્યું હતું. પોલીસે પકડાયેલા આરોપીની રાત્રિના ૨૩:૫૫ વાગ્યે ધોરણસર અટકાયત કરી છે અને ત્રણેય ઈસમો વિરુદ્ધ જુગાર ધારાની કલમ ૧૨ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સગીર બીડી પીતો હોવાની ઘરે જાણ કરવાની અદાવતમાં યુવાન પર છરીથી જીવલેણ હુમલો

ભાવનગર,તા.૧૪

શિહોર તાલુકાના રાજપરા ખોડિયાર પ્લોટ વિસ્તારમાં રહેતા અને આઈ.ટી.આઈ.માં અભ્યાસ કરતા ૧૭ વર્ષીય યુવાન પર સગીરના ઘરના સભ્ય દ્વારા બીડી પીવાની ફરિયાદ કરવાની દાઝ રાખી છરી વડે હુમલો કરવામાં આવ્યો હોવાની ગંભીર ઘટના સામે આવી છે. આ હુમલામાં યુવાનને હાથ અને અંગૂઠા પર ગંભીર ઈજાઓ થતાં તેને સારવાર અર્થે ભાવનગર ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ, હિરેનભાઈ ભરતભાઈ મકવાણાગઈકાલે તા. ૧૩ના રોજ બપોરે ખોડિયાર મંદિર તરફ જઈ રહ્યા હતા. તે દરમિયાન ભાવનગર મંત્રેશ ખાતે રહેતા અને વિપુલભાઈ ધનજીભાઈ ભીલના ભાણેજ રોહિતભાઈએ હિરેનને અટકાવીને "તે કેમ મારા મામાના છોકરાની બીડી પીવાની ઘરે વાત કરી છે?" તેમ કહી ગાળાગાળી શરૂ કરી હતી. વિરોધ કરતા રોહિતભાઈએ પોતાની પાસે રહેલી છરી વડે હિરેન પર હુમલો કર્યો હતો.

બચાવ કરવા જતા હિરેનને જમણા હાથની



કોણી ઉપરના ભાગે તથા બંને હાથના અંગૂઠા પર છરીના ગંભીર ઘા વાગ્યા હતા. દરમિયાન વચ્ચે પડેલા કાનો વિજયભાઈએ વધુ મારથી બચાવ્યો હતો. ઈજાગ્રસ્ત યુવાનને તાત્કાલિક શિહોર સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ડૉ.કેતન પટેલની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે, જ્યાં ડોક્ટરો દ્વારા ઓપરેશન કરવાનું જણાવવામાં આવ્યું છે. આ બનાવ અંગે ભોગ બનનાર યુવાનની ફરિયાદના આધારે આગળની કાયદેસરની તજવીજ હાથ ધરવામાં આવી છે.

